પ્રેમ - એ જ સાચો પરમાત્મા

પ્રેમમાં જાગૃકતા અને હોશની આવશ્યકતા હોય છે નિદ્રામાં, મૂર્છામાં તમે પ્રેમ નથી કરી શકતા. અત્યારે જે તમારો પ્રેમ છે એ પ્રેમની અપેક્ષા કરતા ઘૃણા વધારે છે એટલે જ કોઈપણ ક્ષણે તમારા પ્રેમમાં ખટાસ આવી જાય છે. કોઈપણ ક્ષણે પ્રેમ તૂટી જાય છે, કોઈપણ ક્ષણે તમારો પ્રેમ ઈર્ષ્યા બની જાય છે. તમારો પ્રેમ ઘણા અર્થોમાં પ્રેમ જ નથી. તમારો તથાકથિત પ્રેમ શારીરીક જરૂરીયાત છે. એમાં કોઈ સવતંત્રતા નથી તેમા પરતંત્રતા અધિક હોય છે અને પરતંત્રતા કોઈપણ પ્રકારની કેમ ન હોય તે કુરૂપ અને અસુંદર હોય છે. એક સાચો અને વાસ્તવિક પ્રેમ વ્યક્તિ ને મુક્ત કરે છે એ વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે તેમાં કોઈ શરતો નથી હોતી તે ભિન્ન-શરતી હોય છે. ત્યાં તમે સ્વયંને જુઓ શું તમે પ્રેમ કરો છો? કારણ કે ત્યાં ફક્ત સામેવાળી વ્યક્તિ નો સવાલ નથી કે તે કેટલો પ્રેમ કરે છે, તે પ્રશ્ન જ ખોટો છે. હંમેશા પોતાને જ પૂછો શું તમે પ્રેમ કરો છો અને જો તમે પ્રેમ નથી કરતા તો તમે વધુ પ્રમાણિક અને પ્રેમના પ્રત્યે સાચા હોવાનો પ્રયાસ કરજો અને પછી જો પ્રેમ ના માટે બધુ જ દાવ ઉપર કેમ ન મૂકવુ પડે મૂકી દેજો. કારણ કે પ્રેમ ખૂબ જ બહુમૂલ્ય છે કે એના માટે બધુ દાવ ઉપર મૂકાય જાય તો પણ ઓછું છે. જ્યાં સુધી વ્યક્તિ પાસે પ્રેમ નથી ત્યાં સુધી બાહ્ય ના તમામ ભોગ વિલાસ અને સાધન અને જે કંઈ પણ તેની પાસે છે તે બધુ વ્યર્થ છે અને જો પ્રેમ ની સંપદા તમારી પાસે હોય તો પરમાત્મા ની પણ જરૂર નથી હોતી પ્રેમ જ સ્વયં માં પર્યાપ્ત છે, મારી દ્રષ્ટી માં જો

પ્રેમ એમના જીવનમાં છે જ નથી અને તેઓ પરમાત્મા થઈ જવાની કોશિશ કરે છે પરંતુ પરમાત્મા તો નિષ્પ્રાણ છે એક આરસની પ્રતિમા જેમાં કોઈ પ્રાણ નથી પ્રેમ જ સાચો પરમાત્મા છે

કંઈ માંગવુ નથી પડતું તે તો બસ પોતાના પ્રેમ ને વહેંચે છે અને બીજા લોકોને તેમા સહભાગી બનાવે છે અને તેના કારણે તે પ્રસન્ન અને અનુગ્રહિત હોય છે કે, હું મારા પ્રેમમાં બીજાને સહભાગી બનાવી શકયો અને બીજાની સાથે વહેંચવું સંભવ થઈ શકયું અને તમે તેનો સ્વીકાર કર્યો તેથી એ અનુગ્રહિત થાય છે. સાચા પ્રેમમાં કોઈ પણ પ્રકારની માંગ નથી હોતી એ વાત બીજી છે કે સાચા પ્રેમની પાસેથી ઘણું બધુ ચાલ્યું જાય છે. પરંતુ તેના તરફ થી કોઈ માગણી હોતી નથી. હવે આપણા માટે આવો પ્રેમ કેવી રીતે સંભવ હોય શકે કારણ કે આપણી મુક્તતાથી વહેવાની કોઈ તૈયારી જ નથી એટલે આપણે પ્રેમના નામ ઉપર બીજા સાથે છેતરણી કર્યા કરીએ છીએ અને એવું નથી કે આપણે બીજા ને જ છેતરીએ છીએ સાચું તો એ છે કે આપણે સ્વયં ને છેતરીએ છીએ. જેવી રીતે લગભગ દરરોજ દરેક લગ્નમાં મજાક ઘટીત થાય છે. પતિને હંમેશા ચિંતા રહે છે કે તેની પત્ની પ્રેમ કરે છે કે નહીં? પત્નીને ચિંતા રહે છે કે પતિ પ્રેમ કરે છે કે નહીં - ઓછું કે વધારે કેટલો પ્રેમ કરે છે, આવા વ્યર્થ ના પ્રશ્નો ન પૂછો.

ઓશો વાણી

વ્યક્તિ ખરેખર પ્રેમ કરે તો પરમાત્મા શબ્દ સંસારમાંથી વિદા થઈ જશે.

તેની કોઈ જરૂરત રહેશે નહીં પ્રેમ જ પોતાનામાં એટલો પરીપૂર્ણ હશે કે તે પરમાત્માનું સ્થાન લઈ લેશે, હાલ તો લોકો પરમાત્માના વિશે કહ્યા જ કરે છે કારણ કે તેઓ પોતાના જીવનમાં પ્રેમથી ખાલી અને રીક્ત છે. પ્રેમ એમના જીવનમાં છે જ નથી અને તેઓ પરમાત્મા થઈ જવાની કોશિશ કરે છે પરંતુ પરમાત્મા તો નિષ્પ્રાણ છે એક આરસની પ્રતિમા જેમાં કોઈ પ્રાણ નથી પ્રેમ જ સાચો પરમાત્મા છે. પ્રેમ જ એકમાત્ર પરમાત્મા છે અને પરમાત્મા ક્યારેય પણ ઓછી વત્તો નથી હોતો ક્યાં તો તે હોય છે અને ક્યાં તો તે નથી હોતો. તમે પરમાત્માની ખોજ કરજો તમને ગહન ખોજની આવશ્યકતા છે અને ધ્યાન રાખજો કે પરમાત્મા ની ખોજ માટે એક નિરંતન સજગતાની આવશ્યકતા છે, સજગતા વગર પરમાત્માને શોધી શકાતું નથી. ઓશો : પતંજલી યોગ સૂત્ર ભાગ-૪ પ્રવચન -૮ માંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.

ભગવાન જગન્નાથજીના રથ નિર્માણની જટિલ પ્રક્રિયા

સંસ્કૃતિ દર્શન
સનત દવે

ઉત્સવપ્રિય રાષ્ટ્રની ઉત્સવોની શૃંખલા અષાઢ મહિનાના પ્રારંભ સાથે થઈ જશે. આગામી તા. ૧૬મીએ અષાઢી બીજનું પર્વ છે અને એટલે સ્વાભાવિક જ પુરીની જગન્નાથજીની રથયાત્રાનું સ્મરણ થાય. અષાઢી બીજથી પ્રારંભાતી પર્વશૃંખલામાં મહત્ત્વપૂર્ણ દેવશયની એકાદશી, મોળાકત વ્રત, જયાપાર્વતી વ્રત, ગુરુપૂર્ણિમા, વૈષ્ણવોના હિંડોળા મહોત્સવ જેવાં વ્રત-તહેવારો પછી શિવજીની ઉપાસનાનો શ્રાવણ માસ, રક્ષાબંધન અને જન્માષ્ટમી જેવા અનેક તહેવારો લઈને આવશે. ત્યાર બાદ ગણેશોત્સવ અને શ્રાદ્ધપક્ષનો ભાદ્રમાસ પુરો થતા આસો માસની નવરાત્રી, શરદપૂનમ અને દીપોત્સવના તહેવારો પછી આ પર્વશૃંખલા છેક દેવ ઉઠી અગિયારસ સુધી રહેશે. જો કે વૈષ્ણવ, જૈન અને સ્વામિનારાયણના પંચાંગો જોઈએ તો આખું વર્ષ વ્રત-તહેવારોથી સમૃદ્ધ હોય છે. ખેર, આપણે અષાઢી બીજના પાવન પર્વના વિષયનો દોર સાધતા આગળ વધીએ.

અષાઢી બીજ પર્વનું મહત્ત્વ ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ અધિકાધિક જોવા મળે છે. અષાઢી બીજે સૌરાષ્ટ્રમાં આજે પણ લોકો નવાં વસ્ત્રો પહેરી મંદિરે દર્શને જાય છે. એકબીજાને રામ-રામ કરીને શુભેચ્છાઓ પાઠવે છે. પરંપરા જાળવીને ઘણાબધા પરિવારોમાં આજે લાપસી, દૂધપાક, મીઠીસેવ જેવી મીઠાઈઓ બનતી હોય છે. પરબધામ, અમરધામ, જૂનાગઢના મજેવડીના દેવતણખી ધામ, ધોરાજી પાસેના તોરણીયા ગામના નકલંક ધામ જેવા ધાર્મિક સ્થળોએ ક્યાંક મેળા ભરાય છે તો ક્યાંક મેળા જેવો માહોલ જોવા મળે છે. કચ્છીઓનું નવું વર્ષ પણ અષાઢી બીજથી પ્રારંભાય છે. અષાઢી બીજે કચ્છમાં નવા વર્ષના પ્રારંભનો માહોલ માણવા જેવો હોય છે. જો કે અષાઢી બીજમાં અનેક તહેવારો સાથે જગન્નાથજીની રથયાત્રાનું પણ વિશેષ મહત્ત્વ રહ્યું છે.

પુરીની જગન્નાથજીની રથયાત્રા સાથે હવે તો દેશમાં અને દેશની બહાર પણ અનેક જગ્યાએ નાની-મોટી રથયાત્રાઓ યોજાય છે. જગન્નાથપુરીની રથયાત્રા પછી બીજા ક્રમે અમદાવાદમાં યોજાતી રથયાત્રા સૌથી મોટી ગણાય છે. ઈ.સ. ૧૮૭૮માં પ્રારંભ થયેલી અમદાવાદની આ વખતની ૧૪૮મી રથયાત્રા હશે. જો કે સૌથી જૂની ભરૂચની રથયાત્રા ગણાય છે જે લગભગ ૩૦૦ વર્ષથી પરંપરાગત રથયાત્રા યોજાય છે. તો સુરત, રાજકોટ, ભાવનગર, ડાકોર તથા જૂનાગઢમાં પણ પ્રતિવર્ષ રથયાત્રાનું આયોજન થતું રહ્યું છે. સુરતમાં એક નહીં પણ સાત જેટલી અલગ-અલગ વિસ્તારમાં રથયાત્રા નીકળે છે. અહીં જહાંગીરપુરાના ઈસ્કોન મંદિરથી નીકળતી રથયાત્રા મોટી હોય છે અને લગભગ ૨૧ કિ.મી.ના રસ્તાઓ પર નીકળતી લાંબી રથયાત્રા છે. એ સિવાય સૌથી જૂની રથયાત્રા અમરોલીના લંકા વિજય હનુમાન મંદિરથી નીકળે છે. ઉપરાંત વરાછા રોડ, વેસુ, ભેસ્તાન, પાંડેસરા તથા સચિન ખાતે પણ રથયાત્રાનું આયોજન થાય છે. વેસુ વિસ્તારના ઈસ્કોન મંદિરની રથયાત્રા અષાઢી બીજના ત્રીજા કે ચોથા દિવસે નીકળે છે. જો કે ચોક્કસ દિવસે અનેક સ્થળોએ રથયાત્રા નહીં નીકળતી હોવા અંગે જગન્નાથપુરીના મંદિરની પ્રબંધન કમિટિના અધ્યક્ષ દિવ્યસિંહ દેવ અને પુરીના ગજપતિ મહારાજે નારાજગી બતાવી છે

અને ઈસ્કોન તથા અન્ય સંસ્થાઓને અપીલ પણ કરી છે કે વિધિવિધાનુસાર ચોક્કસ સમયે જ રથયાત્રા કાઢવાનો આગ્રહ રાખે. ભારતમાં જ નહીં પણ ભારતની બહાર પણ વિવિધ દેશોના ૭૦ જેટલા શહેરોમાં ચોક્કસ દિવસે અને ચોક્કસ સમયે રથયાત્રા નથી નીકળતી. આ બધી બહારની રથયાત્રા મોટેભાગે ઈસ્કોન દ્વારા જ આયોજીત થતી હોય છે. ગયા વર્ષે અષાઢી બીજ ૨૭મી જૂને હતી પણ નૈરોબીમાં ૨૬ જૂને, લંડનમાં ૨૧ જૂને, ન્યૂયોર્કમાં ૧૪ જૂને અને સિડની ખાતે ૫ જુલાઈએ રથયાત્રા નીકળી હતી. એ રીતે ૬૬ જગ્યાએ ૧૬ થી ૨૫ જુલાઈએ નીકળતી રથયાત્રા પર પુરીના જગન્નાથ મંદિરની કમિટિએ નારાજગી વ્યક્ત કરી હતી છતાં પણ આ વર્ષની રથયાત્રાની એ બધા સ્થળે અઠવાડિયાઓ અગાઉથી અલગ અલગ તારીખો નક્કી કરાતા નારાજગી વધી છે. શ્રી જગન્નાથ મંદિર કમિટિ અને પુરીના ગજપતિ મહારાજનું કહેવું છે કે મહર્ષિ વેદવ્યાસ રચિત સ્કંદપુરાણમાં ભગવાનના સ્નાનનો અને રથયાત્રાનો સમય નિર્ધારિત તિથિ મુજબ દર્શાવ્યો છે તો પૌરાણિક પરંપરાને જ અનુસરવું જોઈએ. જેથી ભક્તોની ધાર્મિક આસ્થા જળવાઈ રહે.

ખેર.. પુરીની જગન્નાથજી રથયાત્રામાં પ્રતિવર્ષ ૧૦ થી ૧૫ લાખ લોકો ઉમટી પડતા હોય છે અને તેથી સરકારે પણ પ્રવાસી યાત્રીઓની સગવડતા માટે વધુ ૩૦૦ જેટલી ટ્રેનો મુકી છે. સુરક્ષા માટે આધુનિક CCTV કેમેરા અને ડ્રોન દ્વારા દેખરેખ રખાશે. એ પ્રકારની વ્યવસ્થા અમદાવાદની રથયાત્રા દરમ્યાન પણ રખાશે કારણ અમદાવાદના રથયાત્રા રૂટના અમુક વિસ્તાર વધુ સંવેદનશીલ છે. અષાઢી બીજની રથયાત્રા વિશે પ્રતિ વર્ષ ઘણું લખાતું રહ્યું છે, પણ રથયાત્રાના આ રથના નિર્માણ વિશે પણ અદ્ભુત કાર્ય પદ્ધતિ જાણવા જેવી હોય છે. પુરી મંદિર સિવાય ઘણી બધી જગ્યાએ રથયાત્રાના રથ સાચવી રાખવાની અને બીજે વર્ષે મરમ્મત કરી ઉપયોગમાં લેવાની પ્રણાલી છે. અમદાવાદ રથયાત્રાનો નવો રથ હજુ હમણાં બે વર્ષ પહેલાં ૭૨ વર્ષ પછી નિર્માણ પામ્યો છે પણ જગન્નાથપુરી ખાતે ભગવાન જગન્નાથજીનો, બલભદ્રજી અને સુભદ્રાજીનો રથ પ્રતિ વર્ષ નવો જ બનાવવાની પરંપરા છે. આ રથ બનાવવાની પ્રક્રિયા ખૂબ જટીલ અને લાંબા સમયની મહેનત માંગી લે તેવી હોય છે.

પહેલા તો રથની વિશેષતા જાણીએ તો ભગવાન જગન્નાથજીનો નંદીઘોષ અને ગરુડધ્વજ તરીકે ઓળખાતો રથ ૮૩૨ લાકડાઓમાં બનેલો ૨૮૦ થી ૩૦૦ ટન વજનનો અને ૪૫ ફૂટ ૬ ઈંચની ઉંચાઈનો હોય છે. લંબાઈ-પહોળાઈ ૩૪ ફૂટ ૬ ઈંચ સાથે સમચોરસ હોય છે. ૧૬ પૈડાવાળા આ રથમાં પ્રતિકાત્મક શંખ, બલાહક, સુવેત અને હરિદશ્વ નામના ૪ અશ્વ કાસ્ટના બનેલા હોય છે. આ રથના ધ્વજનું નામ ત્રિલોક્યમોહિની છે. રથનો



સારથિ દારુક છે તો રથને ખેંચવા માટે બંધાતા દોરડાનું નામ શંખચૂડ છે. માત્ર પૈડા ત્રણેય રથના ૬ ફૂટ ૬ ઈંચના એક સરખી સાઈઝના હોય છે. ઉપરાંત દરેક રથમાં ચાર ચાર અશ્વ જોડાયેલા હોય છે. જગન્નાથજીના આ રથનો રંગ લાલ-પીળો છે. એ રીતે ભગવાન બલભદ્રનો તાલધ્વજ અને હલાધ્વજ નામે ઓળખાતો રથ ૭૬૩ લાકડામાંથી બને છે. ૨૫૦ થી ૨૭૦ ટન વજનના આ રથની ઊંચાઈ ૪૫ ફૂટ છે. આ રથની ધ્વજા ઉનાની નામે ઓળખાય છે. લંબાઈ-પહોળાઈ ૩૩ ફૂટની હોય છે. ૧૪ પૈડાંના આ રથમાં પણ તીવ્ર, ઘોર, દીર્ઘાશ્રમ અને સ્વર્ણનાભ નામના ૪ અશ્વ અને મતાલી નામનો સારથિ હોય છે. લાલ-લીલા રંગના રથના દોરડાનું નામ વાસુકી છે. ત્રીજો રથ બહેન સુભદ્રાનો હોય છે જે દર્પદલન અને પદ્મધ્વજ તરીકે ઓળખાય છે. આ રથના ધ્વજાનું નામ નંદંબિકા છે. ૪૪ ફૂટ ૬ ઈંચ ઉંચાઈના આ રથનું વજન ૨૪૦ થી ૨૬૦ ટનનું હોય છે કારણ કે તેમાં ૫૯૩ લાકડાનો ઉપયોગ થયો હોય છે. ૩૧ ફૂટ ૬ ઈંચની લંબાઈ-પહોળાઈ ધરાવતા રથના ૧૨ પૈડા હોય છે. રુચિકા, મોચિકા, જીત અને અપરાજિતા નામના ૪ અશ્વ અને અર્જુન નામના સારથિ સાથે રથને બાંધેલ દોરડાઓ સ્વર્ણચૂર્ણ તરીકે ઓળખાય છે. લાલ અને શ્યામ રંગના આ રથ સાથે ત્રણેય રથો દૂરથી પણ તેમના રંગો થકી ઓળખાય જાય છે.

રથ નિર્માણની પારંપરિક કાર્યપદ્ધતિ

ભગવાન જગન્નાથજીનો નંદીઘોષ અને ગરુડધ્વજ તરીકે ઓળખાતો રથ ૮૩૨ લાકડાઓમાં બનેલો ૨૮૦ થી ૩૦૦ ટન વજનનો અને ૪૫ ફૂટ ૬ ઇંચની ઉંચાઈનો હોય છે

જોઈએ તો વસંત પંચમી પહેલા કેટલાય દિવસો સુધી લાકડાની પસંદગી કરવાની હોય છે તેના માટે ઓરિસ્સાના મયૂરભંજ, ગંજામ અને જર્યોહાર જિલ્લાના જંગલોમાંથી જાણકાર પંડિત-પૂજારીઓ સાથે શુભમુહૂર્તોમાં વૃક્ષોની પસંદગી કરાતી હોય છે. ખાસ કરી નદીકિનારાના, મંદિર કે સ્મશાનની આજુબાજુનાં એવાં વૃક્ષો પસંદ કરાય છે જેના પર પક્ષીઓનો માળો કે સાપની બખોલના હોય. સામાન્ય રીતે ફાસ્તી, ધૌરા, સિમલી, સહજા, મહી અને દારૂક નામનાં વૃક્ષોને પસંદ કરતા હોય છે. પસંદગી પામેલ વૃક્ષોને પૂજાવિધિ કરીને સોનાની કુહાડીથી મુહૂર્ત કરીને પછી કાપવામાં આવે છે. વસંત પંચમી સુધીમાં ત્રણેય રથ માટેના એકત્રિત લાકડાઓ નિર્માણશાળા સુધી પહોંચાડાય છે. ત્યાં પણ પૂજા-અનુષ્ઠાનની વિધિ પછી રામનવમીથી નિર્ધારિત ચોક્કસ સાઈઝના લાકડાઓનું કાપવાનું શરૂ થતુ હોય છે. અક્ષય તૃતીયાના દિવસથી શુભમુહૂર્તોમાં રથ નિર્માણનું કામ પ્રારંભાતું હોય છે. ધૌરા નામના લાકડા વધુ મજબૂત હોય છે તેથી તે પૈડાં બનાવવા માટે ઉપયોગમાં લેવાય છે. ફાસીના લાકડાથી એક્સલ બને છે પૈડા રથ સાથે જોડાય તેવી જગ્યાએ ઉપયોગમાં લેવાય છે. બાકીના અન્ય ભાગો માટે સહજા અને અન્ય વૃક્ષોનાં લાકડાં વપરાય છે.

રથ બનાવવા માટેના ભાગોના માપ માટે એક ૨૦ ઈંચની લાકડાની પટ્ટી પરંપરાગત રીતે વપરાય છે. જેમાં ૩ આંગળ, ૪ આંગળ અને અડધી આંગળ જેવા નિશાન બનેલા હોય છે જે રથના દરેક ભાગનું માપ નક્કી જ હોય છે તે માપવા માટે વપરાય છે. કારીગરો આ પટ્ટીને જાદુઈ લાકડી કહેતા હોય છે. કારણ કે તેના આધારે માપથી બનેલ રથ વર્ષોથી એક સરખા અને અડધા ઈંચના તફાવત વગર બનતા હોય છે. ૨૧૦ થી ૨૪૦ કારીગરો ત્રણેય રથને ૫૮ દિવસમાં તૈયાર કરતા હોય છે. એક રથ બનાવવા ૫૪ મહારાણા એટલે કે સુથારોની મહેનત હોય છે. એમાં ૨૭ મુખ્ય સુથાર અને ૨૭ સહાયક મિસ્ત્રી રથનો મૂળ ઢાંચો તૈયાર કરે છે. તેમાં પણ સુથારોની સાથે દરજી, પેઈન્ટર અને લુહારોની મહેનત પણ લાગે છે. એટલે એક રથમાં ૭૦ થી ૮૦ અન્ય કારીગરો કાર્યરત હોય છે એ રીતે ત્રણેય રથના નિર્માણમાં કુલ ૨૧૦ થી ૨૪૦ લોકો કાર્યરત રહેતા હોય છે. મહારાણા કહેવાતા સુથાર કારીગરો પેઢી દર પેઢીથી અહીં જોડાયેલા છે. લાકડા સિવાય પણ રથોમાં ૫૦ ટન લોખંડ અને ૩૦૦ કિલો પીત્તળનો ઉપયોગ થાય છે. જે રથની અને પૈડાંની મજબૂતી માટે વપરાય છે. રથમાં ભગવાનના આસન અને શિખરના કળશ માટે પીતળનો ઉપયોગ થાય છે. નિર્માણની કામગીરી પવિત્ર વાતાવરણમાં મંદિર નજીકના ગજપતિ મહલની જગ્યામાં કરાતું હોય છે. રથયાત્રાના કેટલાક દિવસો પછી ત્રણેય રથોનું વિસર્જન કરાય છે. એ કામ પણ રથ બનાવનાર કારીગરો જ કરતા હોય છે. વિસર્જીત રથનું લાકડું કેટલાક ભક્તોને અપાય છે તો કેટલુંક નિલામી કરીને અપાય છે. ઘણુંખરું લાકડું ભગવાનનો ભોગ બનાવવા રસોડામાં પહોંચાડાય છે. આખા વર્ષ દરમ્યાનનો મંદિરમાં આવતો ચઢાવો મંદિર માટે હોય છે પણ અષાઢી બીજના દિવસે આવેલ ચઢાવો સંપૂર્ણ રથ બનાવનાર કારીગરોને વહેંચી આપવામાં આવે છે.

॥ कृष्णस्तु भगवान स्वयम् ॥

લેખાંક-૭૨

વત્સાસુરનો વધ

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

વ્રિજ ગોવાળ 'ઉપનંદ'ની સલાહથી તમામ વ્રજવાસીઓ નવા વ્રજમાં એટલે કે 'વૃંદાવન'માં સ્થળાંતર કરી ગયા. આ વખતે બાળકૃષ્ણલાલજીની ઉંમર પાંચ વર્ષની હતી. અહીં મહાત્માઓ લખે છે કે બાળકૃષ્ણલાલને વૃંદાવન જવાની અને હવે ત્યાં લીલા કરવાની ઈચ્છા થઈ હતી એટલે તમામે ગોકુળ ખાલી કર્યું હતું. 'વૃંદા' એટલે 'ભક્તિ' અને 'વૃંદાનું વન' એટલે 'ભક્તિનું વન'. બાળકો પાંચ વર્ષનાં થાય એટલે તેને ગોકુળમાંથી છોડીને એટલે કે લાડ લડાવવાના છોડીને હવે વૃંદાવનમાં એટલે કે ભક્તિના વનમાં લઈ જવા જોઈએ તેવો ભાવ અહીં સમજવો જોઈએ. પાંચ વર્ષ પછી બાળકમાં ધર્મના સંસ્કારો દૃઢ કરવા માટે તેને નાનપણમાં જ ધર્મનું અને ભક્તિનું શિક્ષણ આપવું જ જોઈએ તેવો દરેક સનાતનીનો આગ્રહ હોવો જોઈએ. આનું કારણ એ છે કે આ ઉંમરે બાળકનું કોમળ હૃદય તમામ વાતોને મનમાં તરત જ બાંધી દે છે. કોરી પાટી જેવું મન પણ તરત જ તમામ વાતોને ગ્રહણ કરી લે છે. બાલ્યાવસ્થામાં અપાયેલા સારા સંસ્કારો જ જુવાનીમાં તેને આડા રસ્તે જતા અટકાવે છે.

નવા વ્રજ(વૃંદાવન)માં રહી બાળચેષ્ટાઓથી તેમ જ મધુર વાક્યોથી વ્રજવાસીઓને આનંદ આપતાં શ્રીકૃષ્ણ તથા બળભદ્ર (બળરામ), અન્ય બાળકો સાથે નજીકની વનરાજીઓમાં ફરવા માંડ્યા. વૃંદાવનમાં ગોવર્ધન પર્વત અને યમુનાના કિનારાઓને જોઈને શ્રીકૃષ્ણ, બળભદ્ર અને તમામ સાથી મિત્રો અને સખીઓને ખૂબ જ આનંદ થયો. વૃંદાવનમાં આવ્યા પછી શ્રીકૃષ્ણ 'વત્સપાલ' બન્યા. એમના પર બાલમિત્રો સાથે વાછરડાંઓને વનમાં લઈ જઈ તેમને ચરાવવા માટેની જવાબદારી સોંપાઈ. અહીં એક નોંધ લઈએ, કે વાછરડાંઓને ચરાવવાની જવાબદારી એટલે 'વત્સપાલ'(વત્સ એટલે વાછરડું) અને ગાયોને ચરાવવાની જવાબદારી એટલે 'ગોપાલ'. આ અંગેની વધુ વિગત આવનારા લેખોમાં સમજશું.

શ્રીકૃષ્ણ વનમાં વાછરડાંઓને ચરાવવાની સાથે સાથે જ વેણુના (મુરલીના) મધુર નાદથી સર્વે પ્રાણીઓને આનંદ આપતા હતા. તેમની વાંસળીના રસ ઝરતા મધુર ધ્વનિથી વાછરડાંઓ પણ દોડી આવતાં હતાં. આ સાથે જ વનમાં તેઓ મિત્રો અને સખીઓ સાથે અનેક પ્રકારની રમતો પણ રમતા હતા. કોઈ વખતે બિલા તેમ જ આમળા વગેરેથી એવી રીતે રમતા હતા, કે જાણે તેઓ દડાથી રમી રહ્યા હોય. કોઈ વખત તેઓ નાચતા, ત્યારે તેમના પહેરાવેલા નૂપુરોનો રુમઝુમ ધ્વનિ સંભળાતો હતો. કોઈ વખત ખૂંટોની માફક ગર્જના કરતા, કોઈ વખત જાનવરોની નકલ કરતા, તો કોઈ વખત વિવિધ પશુ-પક્ષીઓના અવાજો કાઢતા હતા. કોઈ વખત કાળો ધાબળો ઓઢીને પોતે ગાય અને બળદ હોય તેવો સ્વાંગ રચતા, કોઈ વખત ચરાવવા માટે લાવેલાં વાછરડાંઓને પલ્લવો તથા પુષ્પોની માળાઓથી શણગારતા, તો કોઈ વખત ચણોઠીના હાર બનાવી

એકબીજાને પહેરાવતા હતા. કોઈ વખત આંખ મીંચામણી રમત રમતા, કોઈ વખત હુતુતુતુ જેવી રમતો અને

ભક્તિ શું છે તેની સમજ પણ નહિ હોય તેવા કેટલાક બની બેઠેલા અજ્ઞાની ગુરુઓ વશીકરણથી આભાસી સપનાં બતાવે છે

કોઈ વખત દડો રમી સામાન્ય સંસારી બાળકોની જેમ જ આનંદ કરવા લાગ્યા.

યમુનાના તટે રમાતી આ રમતોને મહાત્માઓ ખૂબ જ દિવ્ય રમતોનો દરજ્જો આપે છે અને સમજાવે છે કે, આ અનુપમ રમતો માત્ર મનોરંજન માટે નહોતી. એ સંસારના કલ્યાણ માટે હતી. શ્રીકૃષ્ણનો આ સમદર્શી ભાવ હતો કે જેમાં માત્ર ગોપ બાળકોને જ નહિ પરંતુ પશુ, પક્ષી, લતા, વૃક્ષ, ગાય, વાછરડાં વગેરે તમામને એમાં સ્થાન હતું. ભગવાન શ્રીકૃષ્ણ તો વાંસળીના સુંદર નાદથી જીવ માત્રનું આકર્ષણ કરે છે, તેમને પોતાની પાસે બોલાવે છે પરંતુ સંસારના વિષયોના મોહમાં ફસાયેલા મનુષ્યોને એ ધ્વનિ નાદ સંભાળતો નથી.

આ રીતે આનંદમાં દિવસો પસાર થતા હતા અને એક દિવસ જ્યારે તેઓ યમુનાના તટ પર મિત્રો સાથે રમી રહ્યા હતા, ત્યારે કંસનો અનુચર એક દૈત્ય તેમને મારી નાખવા માટે વાછરડાનું (વત્સનું) રૂપ લઈ વાછરડાંઓના ટોળામાં ભળી ગયો અને તકની રાહ જોવા માંડ્યો. સર્વના અંતર્યામી પ્રભુ તેના આ કપટથી કંઈ અજાણ્યા રહે? વત્સપાલ શ્રીકૃષ્ણે તેને જોઈ લીધો અને બળદેવને ઈશારાથી ચેતવી દીધા. બંને ભાઈઓ અજાણ્યા બનીને, ધીરે ધીરે એ વાછરડાનું રૂપ ધારણ કરેલ 'વત્સાસુર'(વત્સ + અસુર) દૈત્યની પાછળ આવ્યા. શ્રીકૃષ્ણએ વત્સાસુરના પૂંછડા સહિત તેના પાછળના બંને પગ પકડ્યા અને આકાશમાં ખૂબ ફેરવી ફંગોળ્યો. ફેરવતાં ફેરવતાં જ તેના પ્રાણ નીકળી ગયા અને તે વત્સાસુર ફંગોળાઈને કોઠાના ઝાડ પર પછડાયો. એ દુષ્ટના છાછેડોછા નીકળી ગયા. સાથે જ કોઠાનું ઝાડ પણ પડી ગયું અને એ ઝાડની ઝાપટથી બીજાં ઘણાં ફળાઉ ઝાડો પણ પડી ગયાં. અન્ય બાળકોને મઝા પડી ગઈ. તેઓ એ પડેલાં ઝાડોના ફળોનો આનંદ માણવા લાગ્યાં.

મરતી વખતે માયાવી વાછરડાનું રૂપ રાખી નહિ શકાતા અને અસલ દૈત્યના રૂપમાં આવી ગયેલા એ દુષ્ટને જોઈને વિસ્મય પામેલાં બાળકો શ્રીકૃષ્ણની પ્રશંસા કરવા લાગ્યા. અહીં વિવેચકો વત્સાસુરને 'વાછરડાના દોષરૂપ' જણાવે છે. વાછરડામાં રહેલા રોગ, દોષ વગેરેના નિવારણ રૂપે ભગવાને તેનો વધ કરી વાછરડાંઓને સ્વસ્થ બનાવ્યાં તેવો અહીં ભાવ છે.

વળી કેટલાક વિવેચકો આ લીલાને સમજાવતા લખે છે કે વત્સાસુર એટલે જ 'અજ્ઞાન' અને 'અંધશ્રદ્ધા'. ભક્તિ શું છે તેની સમજ પણ નહિ હોય તેવા કેટલાક બની બેઠેલા અજ્ઞાની ગુરુઓ વશીકરણથી આભાસી સપનાં બતાવે છે. ટૂંકા લાભ માટે સામાન્ય મનુષ્ય આવા પાખંડીઓની જાળમાં ફસાઈ જાય છે.

મનુષ્ય દ્વારા આવી વ્યક્તિઓ પર કરાતો વિશ્વાસ એટલે જ અંધશ્રદ્ધા. જ્યાં અજ્ઞાન હોય ત્યાં તકસાધુઓ અંધશ્રદ્ધા ફેલાવે જ.

સાંજ પડતાં શ્રીકૃષ્ણ અને બળદેવ સહિત તમામ બાળકો વૃંદાવનમાં પોતાના રહેઠાણમાં પાછા ફર્યા અને બધાંને જંગલમાં બનેલી ઘટના જણાવવા માંડ્યાં ત્યારે બધાંને ખૂબ આશ્ચર્ય થયું.

(ક્રમશઃ)